રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬–૧૧–૨૦૧૮

ક્રમાંક : રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧(૧૪)નો.ર.નં.૧૫–૧૧૨૦૧૮–ક.

**વંચાણે લીધા :–**

૧: રાજય ચૂંટણી આયોગના તા.૨૨–૨–૨૦૧૩ના આદેશ ક્રમાંક : રાચઆ–ચટણ– સ્થા.સ્વ. –૨૨૧ (૧૪)–નો.ર નં.૧૫–૨૨૦૧૩–ક

૨: રાજય ચૂંટણી આયોગના તા.૧૦–૮–૨૦૧૮ની જાહેર નોટિસ ક્રમાંક : રાચઆ–ચટણ– સ્થા.સ્વ.– ૨૨૧(૧૪) નો.ર.નં.૧૫–૮૨૦૧૮–ક.

૩: રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી, ભારતીય નેશનલ જનતા દળ,ગાંધીનગરના પત્ર નં: બી.એન.જે. ડી./ ૦૦૧૫/તા.૨૦–૮–૧૮

૪: રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી, ભારતીય નેશનલ જનતા દળ,ગાંધીનગરના પત્ર નં:બી.એન.જે.ડી./ ૦૦૨૨/૨૦૧૮ તા.૮–૧૦–૧૮

૫: રાજય ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક નં.રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૨૨૧(૧૪)–૧૧૨૦૧૮ – ક / ૨૩૧૯૮થી ૯૯ તા.૫–૧૧–૧૮

**આદેશ :**

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–૬ અને ૨૪૩–વ ક ની જોગવાઈ અનુસાર રાજય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજયની સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજયમાં રાજય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧(૧૪) – નો.ર નં.૧૫–૨૨૦૧૩–ક તા.૨૨–૨–૨૦૧૩થી **યુવા સરકાર** પક્ષને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.

યુવા સરકાર પક્ષે તેઓના તા.૨૭–૭–૧૮ના પત્રથી **"ટ્રેકટર ચલાવતો ખેડૂત"** પ્રતીકની માંગણી કરેલ તે અન્વયે ઉકત પક્ષને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે **"ટ્રેકટર ચલાવતો ખેડૂત"** પ્રતીક ફાળવવા વિચારેલ અને આ પક્ષને **"ટ્રેકટર ચલાવતો ખેડૂત "** નવેસરથી પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યકિત કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે વંચાણે લીધા (૨) તા.૧૦–૮–૨૦૧૮ ની જાહેર નોટિસ આપવામાં આવેલ.

યુવા સરકાર પક્ષને ટ્રેકટર ચલાવતો ખેડૂત પ્રતીક ફાળવવા સામે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી, ભારતીય નેશનલ જનતા દળ વ્દારા વાંધો રજૂ કરવામાં આવેલ .રજૂ થયેલ વાંધો રાજય ચૂંટણી આયોગે ગ્રાહય રાખવા પાત્ર ન હોઈ ગ્રાહય રાખેલ નથી.જે અંગે અત્રેના તા.૫–૧૧–૨૦૧૮ નં.રાચઆ–ચટણ–સ્થા. સ્વ. ૨૨૧(૧૪)–૧૧૨૦૧૮–ક.૨૩૧૯૮ થી ૯૯ પત્રથી રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી, ભારતીય નેશનલ જનતા દળ ગાંધીનગરને તથા યુવા સરકાર પક્ષને જાણ કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાના અંતે **યુવા સરકાર પક્ષને "ટ્રેકટર ચલાવતો ખેડૂત "** પ્રતીક કામચલાઉ ધોરણે રાજય ચૂંટણી આયોગના તા.૮–૨–૨૦૧૨ ના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ. –૨૨૧ (૧) –

P.T.O

૨૨૦૧૨–ક તથા આયોગના તા.૨૨–૧–૨૦૧૮ના સુધારા આદેશ ક્રમાંક: રાચઆ–ચટણ–સ્થા. સ્વ.૨૨૧ (૧)૧૨૦૧૮–ક,અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવે છે.

**યુવા સરકાર પક્ષને** ફાળવેલ"**ટ્રેકટર ચલાવતો ખેડૂત**' પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે, જે પક્ષે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનું રહેશે.



રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**પ્રમુખશ્રી,**
**યુવા સરકાર,**
**૪૧૧,શાંતિનિકેતન ફલોરા,**
**અબ્રમા રોડ, મોટા વરાછા,**
**સુરત**

**નકલ સવિનય રવાના :–**

- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના:–**

- કલેકટરશ્રી, તમામ
- સર્વે ચૂંટણી અધિકારીઓ ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકા(કલેકટરશ્રી મારફત)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રી/શાખાઓ
- રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા સર્વે રાજકીય પક્ષો
- કચેરી નોટિસ બોર્ડ ઉપર

**નકલ રવાના :–**

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર ... આ આદેશ આજની તારીખના અસાધારણ સરકારી રાજ્યપત્રમાં ભાગ–૪ સી માં પ્રસિધ્ધ કરવા અને ગેઝેટની ૧૦ નકલ આ કાર્યાલયને તથા ૫ નકલો કલેકટરશ્રી તમામને તથા ૫ નકલો જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામને બારોબાર મોકલવા વિનંતી સહ.